અગત્યનું

પ્રવેશ બાબત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4218-54
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03/09/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-11માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :-1. બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/1445-85, તા.01/06/2020.
2. અત્રેની કચેરીના ક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/2083-2100, તા. 11/08/2020.
3. બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3425-66, તા.01/07/2021.
4. અત્રેની કચેરીના ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4177-4211, તા.02/09/2021.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બોટાદ
આવક નં. 3653
તારીખ 03/09/2021
શાખા માધ્યમિક

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ દર્શિત અત્રેની કચેરીના પત્રોથી ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે અનુસરવાની કાર્યપદ્ધતિ જણાવવામાં આવેલ છે. સંદર્ભ-3 દર્શિત પત્રની સાથે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 65 બોર્ડની યાદી મોકલી આપવામાં આવેલ હતી.

અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવા અંગેના અત્રેના સંદર્ભ દર્શિત પત્ર-1 અને 3 માં નીચે મુજબની વિગતો સ્પષ્ટપણે જણાવેલ છે.

"ધોરણ-11માં પ્રવેશ મેળવવા ઇચ્છતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવાનુ બોર્ડની શૈક્ષણિક અને કારોબારી સમિતિ દ્વારા ઠરાવવામાં આવેલ છે. જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ તેના પ્રમાણપત્રોની ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે."

અત્રેની કચેરીના સંદર્ભ-2 દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે કે **CBSE બોર્ડમાંથી મેથેમેટિક્સ બેઝિક સાથે ધોરણ-10 પાસ કરનાર** કોઈપણ વિદ્યાર્થીને ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાશે નહિ. ઉક્ત બાબત અત્રેની કચેરીના સંદર્ભ-4 દર્શિતપત્રથી પુનઃ જણાવેલ છે.

આમ છતાં કેટલીક શાળાઓ દ્વારા અન્ય બોર્ડના વિદ્યાર્થીને ધોરણ-11માં કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબતે વિલંબ કરવામાં આવે છે. કેટલીક વખત અન્ય બોર્ડના વિદ્યાર્થીને ધોરણ-11માં પ્રવેશ આપ્યા બાદ તે વિદ્યાર્થીને ધોરણ-12માં પણ આવી જાય અને બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાનો સમય આવી જાય ત્યાં સુધી શાળાઓ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેથી આ અંગે ઘણા વહીવટી પ્રશ્નો ઊભા થાય છે. કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા માટે યોગ્ય નહિ હોવા છતાં પણ શાળાઓ દ્વારા બોર્ડના પરિપત્રોની જોગવાઈઓને ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને ધોરણ-11માં પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત, "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા માટેની દરખાસ્ત પણ વિલંબથી કરવામાં આવે છે. આવી બાબતોમાં શાળાની ક્ષતિ કે બેદરકારીને કારણે ક્યારેક વિદ્યાર્થીએ ભોગવવું પડે છે. શાળામાં વિદ્યાર્થીને નિયમાનુસાર પ્રવેશ આપવાની સત્તા અને જવાબદારી શાળાના આચાર્યની ગણાય છે. જેથી વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગે શાળા દ્વારા કોઈ પણ પ્રકારનો નિયમભંગ કરેલ હોય તો તે માટે શાળાના આચાર્યની જવાબદારી બને છે.

ઉક્ત વિગતો ધ્યાને લઈને આપના તાબાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપતી વખતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974, આ અંગેના ઠરાવો, નિયમો તેમજ પરિપત્રોની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તેમજ સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તે માટે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી જાણ કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:- - માન. અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:- - સચિવશ્રી, ગુ.મા .ઉ .મા . શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

જિલ્લા સેવા સદન ...

**પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર**
**પરિપત્ર-2021**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3425-66
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.01/07/2021

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બોટાદ
આવક નં....2520
તારીખ....02/07/2021
શાળા....માધ્યમિક

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-11 માં પ્રવેશં સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :-(1) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંકઃ મઉમશબ/સંશોધન/1445-85, તા.01/06/2020.
(2) COBSEનો તા.11/05/2021નો ઈ-મેઈલ.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો- 11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ-(1) દર્શિત પરિપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-62 બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી. સંદર્ભ-(2) દર્શિત COBSEના ઈ-મેઈલથી 65 બોર્ડની યાદી મળેલ છે. જે અન્વયે સમકક્ષતા ધરાવતા બોર્ડની યાદીને અદ્યતન બનાવી કુલ- 65 બોર્ડની યાદી આ સાથે સામેલ છે.

ગુજંરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 65 બોર્ડની યાદી પૈકીના કોઈ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં શાળાકીય અભ્યાસ માટે ધો- 11 માં પ્રવેશ મેળવવા માટે બોર્ડની કચેરીએથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી.

ધોરણ-11માં પ્રવેશ મેળવવા ઇચ્છતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવાનુ બોર્ડની શૈક્ષણિક અને કારોબારી સમિતિ દ્વારા ઠરાવવામાં આવેલ છે. જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ તેના પ્રમાણપત્રોની

02/07/21
માધ્યમિક
02/07/2021

ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મેળવેલ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" શાળાના આચાર્યશ્રીએ બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે સ્કેન કરવાનું રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-10 કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડની કચેરીએથી મેળવવાની જરૂર રહેતી નથી, પરંતુ નિયમિત પરીક્ષાર્થી માટે કરેલ પ્રવિધિ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ઉક્ત 65 બોર્ડની યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેવી.

વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.24/04/2017 ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર" અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશ ની કાર્યવાહી કરવાની રહેશે. વિદેશમાં અભ્યાસ કરી ધો-9 થી 12 માં પ્રવેશ મેળવવા બાબતે "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડ કચેરીના 'સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર' પરથી મેળવવાનું રહેશે.

ઉપરોકત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. અધ્યક્ષશ્રીના આદેશ અન્વયે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>બિડાણ</u>: ક્રમ નંબર 1 થી 65 - સમકક્ષ બોર્ડની યાદી.

<u>નકલ સવિનય રવાના</u>

1. માન. અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
2. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા .ઉ .મા . શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
3. સચિવશ્રી, ગુ.મા .ઉ .મા . શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
4. નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
5. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
6. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટી
7. રાજ્યની તમામ રજીસ્ટર્ડ મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ.
   (બોર્ડના મુખપત્ર માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મારફતે)

**પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર**
**પરિપત્ર**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૪૪૧-૯૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૦૨/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-૧૧ માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :- ૧.બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૫૯૮૮ થી ૬૦૨૧.તા.૧૩/૦૧/૨૦૧૬
૨. બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક :૧૫/૨૦૧૯ તા.૨૬/૦૭/૨૦૧૯
૩. બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક :૬૪૭/૨૦૧૯ તા.૧૩/૦૯/૨૦૧૯

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-૧૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ -૧ ના પરીપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-૫૯ બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી. તે યાદીને અદ્યતન બનાવી કુલ- ૬૨ બોર્ડની યાદી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ ખાતે મળેલ શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિમાં રજૂ કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ૬૨ બોર્ડની યાદી પૈકીના કોઈ અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં ધો-૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે બોર્ડની કચેરીએથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી.

ધોરણ-૧૧માં પ્રવેશતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-૧૧માં પ્રવેશ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

માધ્યમિક
૦૨/૦૬/૨૦૨૦

૦૨/૦૬/૨૦૨૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બોટાદ
આવક નં......૨૫૬૬......
......૦૨/૦૬/૨૦૨૦......
......માધ્યમિક......

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી ધોરણ-૧૧માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને શાળાએ કામ ચલાઉ પ્રવેશ આપ્યા બાદ તેના પ્રમાણપત્રોની ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી ધ્વારા મેળવેલ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" શાળાના આચાર્યશ્રીએ બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે સ્કેન કરવાનું રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડની કચેરીએથી મેળવવાની જરૂર રહેતી નથી. (પરંતુ નિયમિત પરીક્ષાર્થીમાં કરેલ પ્રવિધિ કરવાની રહેશે.)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ઉક્ત ૬૨ બોર્ડની યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેવી.

વિદેશમાં અભ્યાસ કરી ને આવતા વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.૨૪/૦૪/૨૦૧૭ ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર" અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશ ની કાર્યવાહી કરવાની રહેશે. વિદેશમાં અભ્યાસ કરી ધો-૯ થી ૧૨ માં પ્રવેશ મેળવવા બાબતે "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડ કચેરીના 'સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર' પરથી મેળવવાનું રહેશે.

ઉપરોકત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નોંધ</u> :-
- આ સાથેની યાદી સિવાયના બોર્ડ સંસ્થામાંથી .યુનિ /આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી .

<u>બિડાણ</u> :- ક્રમ નંબર ૧ થી ૬૨ સમકક્ષ બોર્ડની યાદી.

<u>નકલ સવિનય રવાના</u>

૧. માન. અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૨. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા .ઉ .મા . શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૩. સચિવશ્રી, ગુ.મા .ઉ .મા . શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૪. નાયબ નિયામક પરીક્ષા(સા.પ્ર. અને વિ.પ્ર.), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
૫. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
૬. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટી
૭. રાજ્યની તમામ રજીસ્ટર્ડ મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ. (બોર્ડના મુખપત્ર માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ મારફતે)

ક્રમાંક:- /મઉમશબ/સંશોધન/૨૦૧૭/૯૮૬૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૦૪/૦૪/૨૦૧૭

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- ભારતના ૫૯ બોર્ડ માંથી આવતા ધો-૧૧ પાસ (વિજ્ઞાન પ્રવાહ) CBSE / અન્ય બોર્ડના વિધાર્થીઓને ધો-૧૨( વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ) માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરીપત્ર તા.૧૩/૧/૨૦૧૬
(૨) શિક્ષણ વિભાગ સચિવાલય ,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક:- મશબ/૧૨૧૬/૪૦૧/છ
તા.૧૧/૭/૨૦૧૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે ભારતના માન્ય ૫૯ બોર્ડ માંથી આવતા
વિધાર્થીઓને ગુજરાત બોર્ડમાં પ્રવેશ સંદર્ભ બોર્ડના તા.૧૩/૧/૨૦૧૬ ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર
પરીપત્ર" મુજબ પ્રવેશની કાર્યવાહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ક્ચેરી ધ્વારા કરવામાં આવે છે.
ગુજરાત સરકાર શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક:- મશબ/૧૨૧૬/૪૦૧/છ તા.૧૧/૭/૨૦૧૬
થી સેમેસ્ટર પધ્ધતિ નાબુદ થયેલ છે. સેમેસ્ટર પધ્ધતિ નાબુદ થતા હવેથી ભારતના અન્ય ૫૯ બોર્ડ
માંથી આવતા ધો-૧૧ પાસ વિજ્ઞાન પ્રવાહ CBSE/અન્ય બોર્ડ પૈકીના વિધાર્થીઓને ગુજરાત બોર્ડની
માન્ય શાળામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ માં પ્રવેશ આપી શકાશે.આ માટે બોર્ડના
"પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરીપત્ર "મુજબ ની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(આર.આઈ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

C:\Users\ohm\Documents\પ્રતિ.docx

| પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર |
|---|
| પરીપત્ર |

ક્રમાંક/મઉમશબ/સંશોધન/ ૫૯૯૮-૬૦૨૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૩/૧/૨૦૧૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
આવક નં. ૫૬
તારીખ ૫/૨/૧૬
શાખા માધ્યમિક

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-૧૧ માં પ્રવેશ સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવા બાબત.

સંદર્ભ :- ૧. બોર્ડના સમકક્ષતા પ્રમાણપત્ર પરીપત્ર તા. ૧૬/૬/૨૦૦૫
૨. બોર્ડની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક : ૧૧૧/૨૦૧૫ તા. ૫/૧૦/૨૦૧૫
૩. બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક: ૨૪૧/૨૦૧૫ તા.૧૦/૧૨/૨૦૧૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો-૧૧ માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ -૧ ના પરીપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-૩૯ બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી. તે યાદીને અદ્યતન બનાવી કુલ- ૫૯ બોર્ડની યાદી શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિમાં રજૂ કરવામાં આવી હતી, જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

હવેથી બોર્ડ માન્ય કરેલ ૫૯ બોર્ડની યાદી પૈકીના કોઈ અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં ધો-૧૦ પછીના શાળાકીય અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે બોર્ડની કચેરીએથી પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી. આથી શાળા આવા વિદ્યાર્થીઓને સીધેસીધો ધો-૧૧ માં પ્રવેશ આપી શકશે, પરંતુ આ અંગેના પ્રમાણપત્રોની ખરાઈ સંબંધિત જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી કરાવી લેવાની રહેશે. અને આવા પરીક્ષાર્થીઓની યાદી જરૂરી આધારો સાથે સંબંધિત શાળાના આચાર્યશ્રીએ પરીક્ષાના આવેદનપત્રો સાથે બોર્ડની કચેરીમાં મોકલી આપવાની રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર બોર્ડની કચેરીએથી મેળવવાની જરૂર રહેતી નથી. (પરંતુ નિયમિત પરીક્ષાર્થીમાં કરેલ પ્રવિધિ કરવાની રહેશે.)

માધ્યમિક

સમકક્ષ યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેવી.

વિદેશમાં અભ્યાસ કરી ને આવતા [illegible] આ બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.[illegible]૨૦૧૪ ના પ્રવેશ યોગ્યતા પરીપત્ર અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશ ની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

(આર.આઈ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નોંધ</u>.:- આ સાથેની યાદી સિવાયના બોર્ડ/ યુનિ. સંસ્થામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી.

<u>બિડાણ</u> :- ક્રમ નંબર ૧ થી ૫૯ સમકક્ષ બોર્ડની યાદી.

<u>નકલ સવિનય રવાના</u>

૧. માન. અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૨. નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૩. પરીક્ષા સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.
૪. બોર્ડના તમામ સભ્યશ્રીઓ તરફ
૫. રજીસ્ટ્રારશ્રી તમામ યુનિ.
૬. રાજ્યની તમામ રજીસ્ટર મા. અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓને જાણ તથા અમલ સારૂ.
( બોર્ડના મુખપત્ર મા. શિક્ષણ અને પરીક્ષણ મારફતે )